# દીન દુઃખિયાનો તું છે બેલી...

દીન દુઃખિયાનો તું છે બેલી, તું છે તારણહાર

તારા મહિમાનો નહીં પાર, તારા મહિમાનો નહીં પાર

રાજપાટ ને વૈભવ છોડી, છોડી દીધો સંસાર

તારા મહિમાનો નહીં પાર, તારા મહિમાનો નહીં પાર

ચંડકોશીઓ ડસીયો જ્યારે, દુધની ધારા પગથી નીકળે

વિષ ને બદલે દુધ જોઇને, ચંડકોશીઓ આવ્યો શરણે

ચંડકોશીયાને તેં તાર્યો, કીધો ઘણો ઉપકાર

તારા મહિમાનો નહીં પાર, તારા મહિમાનો નહીં પાર

કાનમાં ખીલા ઠોક્યા  જ્યારે, થઇ  વેદના પ્રભુજીને ભારે

તો યે પ્રભુજી શાંત વિચારે, ગોવાળનો નહીં વાંક લગારે

ક્ષમા આપીને તે  જીવોનો, તારી દીધો સંસાર

તારા મહિમાનો નહીં પાર, તારા મહિમાનો નહીં પાર

મહાવીર મહાવીર ગૌતમ  પુકારે, આંખેથી અશ્રુની ધારા વહાવે

ક્યાં ગયા એકલા છોડી મુજને, હવે નથી કોઇ જગમાં માહરે

પશ્ચાતાપ કરતાં કરતાં, ઊપજ્યું કેવલજ્ઞાન

તારા મહિમાનો નહીં પાર, તારા મહિમાનો નહીં પાર

જ્ઞાનવિમલ ગુરુ ચરણે આજે, ગુણ તમારા ભાવે ગાવે

થઇ સુકાની તું પ્રભુ આવે, ભવજલ નૈયાં પાર લગાવે

અરજ સ્વીકારી દિલમાં ધારી, વંદુ વારંવાર

તારા મહિમાનો નહીં પાર, તારા મહિમાનો નહીં પાર